# ભેંસે ભણાવ્યું ગામ

– વાસુદેવ સોઢા

નાનું એવું ગામ. એમાં રહે એક બાબો. એનું નામ કાબો. બાર–તેર વરસનો કાબો. કાબો એટલે પાવરધો.

ગામમાં કોઈ ભણેલું નહીં. કાબો ભણેલો. વાંચતાં લખતાં આવડે. હિસાબ કિતાબ આવડે. ગામમાં નિશાળ નહોતી એટલે એ બહારગામ ભણેલો.

ઘેર આવી ખેતીકામ કરે. ભેંસો ચારે. કાબાએ સૌને ભણવાનું કહ્યું . સાંભળીને સૌ ચડી જાય ધાબે. કોઈ ભણે નહીં.

કાબાએ એક કીમિયો કર્યો. સવારે ઘરેથી ભેંસો છોડે. સીમમાં લઈ જાય. કાબો એક રંગબેરંગી ચોકની પેટી લાવ્યો. ભેંસ ઉપર લખે...ક...ખ...ગ... મોટા અક્ષરે લખે. કાળી ભેંસ. તેના ઉપર લાલ, પીળા, વાદળી, ધોળા અક્ષરો દેખાય.

બજારમાં ભેંસ નીકળે. સૌ જુએ. 'અલ્યા, આ ભેંસને શો શણગાર કર્યો ?' કાબો બધાને બતાવે, 'આ....'ક' છે. આ...'ખ'... છે.... ને આ.... 'ગ' છે.' બધા જોઈ રહે. એમ રોજ રોજ અક્ષર બદલાવે. ક્યારેક ભણ, ગણ, ઘર...એવું લખે...બધા રોજ જુએ. અક્ષરને સૌ ઓળખવા લાગ્યા. ક... ખ... ગ... ઘ... વાંચવા લાગ્યા.




પછી તો બધા શબ્દોય વાંચે. મારી ભેંસ. ભેંસના કામ... આ બજાર... પેલું ઝાડ. આ ઘર... વાહ વાહ... બધા જ બધું વાંચે.

કાબાએ અંકો લખ્યા... ૧ થી ૧૦... બધા બોલે. ચાર ભેંસના પગ ચાર, આપણા પગ બે. વાહ... ચાર કેમ લખાય ? બે કેમ થાય. તે અંકો બધાંને

ઓળખતા આવડી ગયા.

રોજ ભેંસ નીકળે. કાબાએ નવું નવું લખ્યું હોય. બધાં વાંચે. સીમમાંથી ભેંસ ઘેર આવે. ત્યારે કાબાએ જૂદું લખી નાખ્યું હોય. સાંજ ઢળી....પંખી ઊડયા...ઘેર જવાનો સમય થાય... અને એમ કરતાં બધા ગામલોકોને રસ પડયો.

પછી તો કાબાએ ભેંસ ઉપર નાની નાની વાર્તાઓ લખી. બધા ભેંસને ઊભી રાખવા લાગ્યા. બધા વાંચે. પછી ભેંસને જવા દે. ભેંસ પર ગણિતના દાખલા પણ લખ્યા. કાબો કહે, 'આનો જવાબ તમારે લખવાનો.' જેને આવડે તેને ચોક આપે. કાબો ભેંસને ઊભી રાખે. સરવાળો હોય, બાદબાકી હોય, ગુણાકાર ને ભાગાકાર પણ હોય. બધાને મજા પડતી હતી. થોડું થોડું કરતાં બધાને ઘણું બધું આવડવા લાગ્યું. પછી તો બધા છાપું વાંચે. ચોપડી વાંચે. ટપાલ વાંચે. હિસાબ કરે. ગામ ભણવા માંડયું. નિશાળ ખોલી. છોકરા ભણવા માંડયા, પણ બધાની સાચી ગુરુ ભેંસ. તેણે જ ગામને વાંચતું–લખતું કર્યું. હવે ક્યારેય ભેંસ આગળ ભાગવત એવું ન કહેતા હોં. ભેંસને દુઃખ થશે. ભેંસે તો ગામને ભણાવ્યું. એટલે ભેંસ ગુરુ કહેવાય અને કાબો તો કાબો જ. બડો આઇડિયાબાજ.

■